જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૧-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

૪૦ લાખ સુધી ટર્નઓવર ધરાવનારને રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ

નાના વેપારીને રાહત : જીએસટી માટે મુક્તિ મર્યાદા ૪૦ લાખ થઈ

દેશના પૂર્વોત્તર અને પહાડી રાજ્યોની કંપનીઓ માટે જીએસટી રજિસ્ટ્રેશનની રાહતની મર્યાદા ૨૦ લાખ કરી : કમ્પોઝિશન સ્કીમને લઈ મહત્વપૂર્ણ નિર્ણય

નવીદિલ્હી

નાના કારોબારીઓને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલે આજે મોટી રાહત આપી હતી. નવેસરના નિર્ણય મુજબ હવે ૪૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ મળી ગઈ છે. પહેલા આ મર્યાદા ૨૦ લાખ રૂપિયાની હતી. આવી જ રીતે જીએસટી કાઉન્સિલે પૂર્વોત્તર અને પહાડી રાજ્યોની કંપનીઓ માટે જીએસટી રજિસ્ટ્રેશન માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી બે ગણી કરીને ૨૦ લાખ કરી દીધી છે. જેટલીએ કહ્યું હતું કે, પહેલા ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્નઓવરવાળા ઉદ્યોગોને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ મળી ગઈ હતી. હવે ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યો માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયા હતી પરંતુ નાના રાજ્યોએ પોતાના કાયદા બનાવી લીધા છેઅને આ મર્યાદા ૨૦ લાખ રૂપિયા કરી હતી. અમે આમા બે ગણો કરવેરો ક્રમશઃ ૪૦ લાખ અને ૨૦ લાખ રૂપિયા કરી રહ્યા છે. એટલે કે બાકી ભારતમાં સ્લેબ ૨૦ લાખ રૂપિયાને વધારીને ૪૦ લાખ રૂપિયા કરવામાં આવ્યો છે જયારે ઉત્તર પૂર્વીય અને પહાડી રાજ્યો માટે ૨૦ લાખ રૂપિયાના ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યોને આ લિમિટને વધારવા અને ઘટાડવાની મંજુરી આપવામાં આવી છે. જેટલીએ માહિતી આપતા કહ્યું હતું કે, જીએસટી છુટછાટની મર્યાદા વધારી દેવાથી નાના કારોબારીઓને કાયદાકીય ગુંચવણમાંથી મુક્તિ મળી જશે પરંતુ ટેક્સ ચોરીની ઘટનાઓમાં વધારો થવાની શંકા પણ ઉભી થઈ ગઈ છે. કારણ કે, કેટલાક ઉદ્યોગો ટેક્સ વિભાગની નજરમાંથી બચી જશે. પહેલા પ્રસ્તાવને એવી દલીલ સાથે ફગાવી દેવામાં આવી હતી કે, તેનો ખોટો ઉપયોગ થઈ શકે છે. કાઉન્સિલની બેઠકમાં જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ, કમ્પોઝિશન સ્કીમ અને કેરળ હોનારત માટે સેસ લાગૂ કરવા સહિત અનેક પગલા લેવામાં આવ્યા હતા. જેટલીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, હવે કમ્પોઝિશન સ્કીમની મર્યાદા એક કરોડ રૂપિયાથી વધારીને દોઢ કરોડ રૂપિયા કરવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, હવે જે કંપનીઓના વાર્ષિક ટર્નઓવર ૧.૫ કરોડ રૂપિયા સુધી છે તે કંપનીઓને લાભ લેવાની તક રહેશે. કાઉન્સિલે કમ્પોઝિશન સ્કીમની પસંદગી કરનાર કંપનીઓને રિટર્ન ભરવામાં પણ રાહત આપી છે. કમ્પોઝિશન સ્કીમમાં જનારને ટેક્સ દર ત્રીજા મહિનામાં આપવા પડશે પરંતુ રિટર્ન વર્ષમાં એક વખત ફરી શકાશે. કમ્પોઝિશન સ્કીમ સાથે જોડાયેલા બંને નિર્ણય નવા નાણાંકીય વર્ષની પ્રથમ તારીખ એટલેકેપહેલીએપ્રિલ ૨૦૧૯થી લાગૂ થશે. કેન્દ્રીય નાણારાજ્યમંત્રી શિવપ્રસાદ શુક્લાના નેતૃત્વમાં એક મંત્રીમંડળની સમિતિએ ૫૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક ટર્નઓવરવાળી સેવા આપતી કંપનીઓ માટે કમ્પોઝિશન સ્કીમને સરળ બનાવવાની દરખાસ્ત મુકી હતી જે હેઠળ પાંચ ટકા લેવી અને સરળ રિટર્નની ભલામણ કરવામાં આવી હતી.

રામ મંદિર વિવાદ : ૨૯મી સુધી સુનાવણી ફરીવખત ટાળી દેવાઈ

જસ્ટિસ લલિત બેંચમાં સામેલ હોવાને લઈને મુસ્લિમ પક્ષના વકીલે કેટલાક સવાલો ઉઠાવતા લલિત ખસી ગયા : ૮૮ સાક્ષીની જુબાની લેવા માટે સુસજજ

નવી દિલ્હી

ભારે ચર્ચાસ્પદ અયોધ્યા મામલામાં સુનાવણી આજે ફરી એકવાર ૨૯મી જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવી હતી. સપ્રીમ કોર્ટમાં પણ તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે ફરી એકવાર સુનાવણી ટાળી દેવાતા નિરાશાનુ મોજુ ફરી વળ્યુ હતુ. પાંચ જજની બંધારણીય પીઠમાં સામેલ રહેલા જસ્ટીસ યુયુ લલિતે આ મામલામાંથી પોતાને અલગ કરી લેતા સુનાવણી ફરી એકવાર ટળી ગઈ હતી. હવે નવી બેંચમાં જસ્ટીસ યુયુ લલિતની જગ્યાએ અન્ય જજને સામેલ કરવાાં આવનાર છે. હવે બેંચની રચના ફરીથી કરવામાં આવનાર છે. સીજેઆઈ રંજન ગોગોઈએ કહ્યું હતું કે, મામલામાં કુલ ૮૮ લોકોની જુબાની લેવામાં આવશે. આ મામલા સાથે જોડાયેલા ૨૫૭ દસ્તાવેજો રજૂ કરાશે. આ દસ્તાવેજો ૧૩૮૬૦ પાનામાં છે. મૂળભૂત રેકોર્ડિંગ ૧૫ બંડલોમાં છે. સીજેઆઈએ કહ્યું હતું કે કેટલાક દસ્તાવેજ, હિન્દી, અરબી અથવા તો ગુરુમુખી અને ઉર્દૂમાં છે. અગાઉ સુપ્રીમ કોર્ટે પાંચ જજની બંધારણીય બેંચની રચના કરી હતી. સાથે સાથે સુનાવણી ૧૦મી જાન્યુઆરીના દિવસથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આજે પણ સુનાવણી ટળી ગઈ હતી. આઠમી જાન્યુઆરીના દિવસે રચવામાં આવેલી બંધારણીય બેંચનુ નેતૃત્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને સોંપવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત બેંચમાં ચાર જજ જસ્ટીસ એએ બોબ્ડે, જસ્ટીસ એનવી રમન્ના, જસ્ટીસ યુયુ લલિત અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડ સામેલ હતા. હવે લલિત નિકળી ગયા છે. જેથી ફરી બેંચની રચના કરવામાં આવનાર છે. અગાઉ સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ પર ચોથી જાન્યુઆરીના દિવસે ફરી એકવાર સુનાવણી ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન હાઉસફુલની સ્થિતિ રહી હતી. પગ મુકવાની પણ જગ્યા ન હતી. સીજેઆઈની સામે આ મામલો આવતાની સાથે જ સેંકડોના ગાળામાં જ સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી.

ઉત્તર ભારત ઠંડુગાર : ટ્રેન તેમજ વિમાની સેવા ઠપ

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી-એનસીઆરમાં સવારમાં તો પારો ગગડીને વધુ નીચી સપાટી પર પહોંચી ગયો છે. ધુમ્મસના કારણે દિલ્હી-એનસીઆરમાં સવારમાં લોકોની હાલત કફોડી રહી હતી. દિલ્હીથી ચાલતી અનેક ટ્રેનો લેટ થઈ છે. જ્યારે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તર ભારતમાં શીત લહેર છે. બીજી બાજુ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. કાશ્મીરના કારગીલમાં તાપમાન શુન્ય કરતા ખુબ નીચે નીચે પહોંચી ગયુ છે. લેહમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન થયું છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

MARKET4U

BHARUCH - SURAT

market4u.in

7575006850

ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848

7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330

3 સાડી ઓલઓવર જરદોશી સાથે ₹450

3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા બેમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રીત થનાર મેરેજ બ્યુરો આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી)
આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે જાહેરાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી)
આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે જાહેરાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ભુજ એલસીબીએ બીદડા ગામની સીમમાંથી ૨,૧૬,૦૦૦ રૂપિયાનો દારૂ પકડી પાડ્યો



ભુજ કચ્છ: ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જે.કે.જયસ્વાલ સાહેબની સુચનાથી ઈન્ચાપર્જ પોલીસ ઈન્સપેકટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પો.સબ ઈન્સ. એચ.એસ.તીવારી તથા સ્ટાફના સભ્યો માંડવી પો.સ્ટે. વિસ્તારમાં નાઈટ પેટ્રોલીગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, બીદડા ગામનો રહેવાસી સહદેવસિંહ ઉમેદસિંહ જાડેજા જે ગે.કા.રીતે ઈંગ્લીશ દારૂનુ વેંચાણ કરે છે અને આ સહદેવસિંહ જાડેજા પોતાના કબ્જાના ટેમ્પામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી માંડવી તાલુકાના ખાખર ગામથી બીદડા ગામના ક્રિકેટના ગ્રાઉન્ડ પાસે કાચા રસ્તે નીકળનાર છે, જે મળેલ અત્યંત ભરોસા લાયક બાતમી હકીકત આધારે તુરંત જ વર્ક આઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ આવતા સામેથી એક ટેમ્પો આવતો હોય જેને રોકાવી ચેક કરતા ટેમ્પામાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂ (૧) પાર્ટી સ્પેશીયલ ડીલક્ષ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલો નંગ-૪૨૦ (૨) સ્નેચ ડીલક્ષ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની કાચની ઈંગ્લીદારૂની બોટલો નંગ-૬૦, (૩) ચકદે રોયલ બ્લેન્ડ વ્હીસ્કીના ૧૮૦ એમ.એલ. ના કાચના ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૪૮૦, એમ નાની મોટી કુલ-૯૬૦ બોટલો કિ.રૂા. ૨,૧૬,૦૦૦/- ના પ્રોહિ મુદામાલ તથા દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ ટેમ્પો રજીસ્ટ્રેશન નં. GJ-03-BT-9355 વાળાની કિ.રૂા. ૨,૦૦,૦૦૦/- એમ કુલે કિ.રૂા.૪,૧૬,૦૦૦/- નો મુદામાલ પકડી આરોપી સહદેવસિંહ ઉમેદસિંહ જાડેજા, રહે.બીદડા, તા.માંડવી વાળા વિરૂધ્ધ ધોરણસર થવા માંડવી પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલ છે.

મનરેગા યોજના દ્વારા કચ્છ જિલ્લામાંથી બહાર જતા લોકોનું સ્થળાંતર અટક્યું

ભુજ કચ્છ: હાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના અંતર્ગત ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવાની જોગવાઈ છે. તે વધારી ૧૫૦ દિવસની કરી દેવાઈ છે. હાલે કચ્છ જિલ્લામાં અછતની પરિસ્થિતિ હોઈ મનરેગા યોજના અંતર્ગત જિલ્લામાં ૨૫૫ ગ્રામ પંચાયતોમાં ૫૫૫ કામો ચાલુ છે જેમાં ૨૧,૧૩૭ શ્રમિકો રોજગારી મેળવી રહ્યા છે.

ચાલુ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં આજદિન સુધી ૨૩,૪૬૫ કુટુંબોને રોજગારી મળેલ છે. જેના થકી ૧૨,૨૪,૫૫૫ માનવદિન ઉત્પન થયેલ છે અને ૨૧.૮૧ કરોડ ખર્ચ થયેલ છે.

આમ, દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લામાં બહોળા પ્રમાણમાં રોજગારી મળતી હોઈ રાપર અને લખપત તાલુકા તથા જીલ્લામાંથી અન્ય સ્થળોએ રોજગારીની શોધમાં સ્થળાંતર કરતા લોકોને સ્થાનિકે પૂરતા પ્રમાણમાં રોજગારી મળતી હોવાથી લોકો સ્થળાંતર કરતા અટક્યા છે.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

ભાવનગર જિલ્લામાં કુલ ૬૨૨૪૫ બાળકોની તપાસણી

ભાવનગર; રાજ્ય સરકાર દ્વારા આયોજીત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા. ૦૩ થી તા. ૧૦ સુધી ભાવનગર જિલ્લામાં કુલ ૬૨૨૪૫ બાળકોની ૬૩૦ મેડીકલ ટીમોએ તપાસણી હાથ ધરી વિના મૂલ્યે સેવા પુરી પાડી હતી.

આ કાર્યક્રમ સંદર્ભે જિલ્લાની કુલ ૧૯૨ સંસ્થાઓને આવરી લઈ આંગણવાડીના ૧૯૧૮૩, પ્રાથમિક, ખાનગી, સરકારી શાળાના ૩૧૪૭૬, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક હાઈસ્કુલ સરકારી તેમજ ખાનગીના ૧૧૩૫૮, શાળાએ ન જતા ૨૨૮ એમ કુલ ૬૨૨૪૫ બાળકોની ૬૩૦ મેડીકલ ટીમોએ તપાસણી હાથ ધરી વિના મૂલ્યે સેવા પુરી પાડી હતી. તબીબી અધિકારીએ અઠવાડિયા દરમ્યાન ૧૧૨૫૪ બાળકોની તપાસણી કરી, સ્થળ પર ૯૯૧૪ બાળકોને પ્રાથમિક સારવાર આપવામા આવી, સંદર્ભ સેવામાં ૧૬૭૫ બાળકોને તપાસવામાં આવ્યા, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૩૧૦ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, આંખરોગ નિષ્ણાંત દ્વારા ૬૮૩ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, દાંતરોગ નિષ્ણાંત દ્વારા ૩૦૬ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા ૧૯૮ બાળકોને તપાસી અને સારવાર અપાઈ હતી.

ભાજપની સુરેન્દ્રનગર લોકસભા અંતર્ગત વિરમગામ વિધાનસભાની બેઠક યોજાઈ

લોકસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને સુરેન્દ્રનગર લોકસભા રૂપે કમળ આપવાનો સંકલ્પ કર્યો



સુરેન્દ્રનગર લોકસભાની વિરમગામ વિધાનસભાની બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ જીલ્લા અધ્યક્ષ આર સી પટેલ, લોકસભા પ્રભારી નીતિનભાઈ ભારદ્વાજ, ઈન્ચાર્જ કિરીટસિંહ રાણા, સહ ઈન્ચાર્જ કુશળસિંહ પઢેરિયા, શંકરભાઈ વેગડ, જીલ્લા મહામંત્રી માધુ ભાઈ ઠાકોર, શૈલેષભાઈ દાવડા, નવદીપભાઈ ડોડીયા, પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડીયા, ડો. તેજશ્રીબેન પટેલ, જીલ્લા ઉપાધ્યક્ષ સુરેશભાઈ પટેલ, જીલ્લા મંત્રી આર કે ઠાકોર, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, તેમજ મંડલ પ્રમુખ મહામંત્રીઓ જીલ્લા તેમજ મંડલ સંગઠન ના હોદેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે માર્ગદર્શન મેળવ્યું હતું, તેમજ બેઠક બાદ વિરમગામ તાલુકાના કાલીયાના મુકામે ખાટલા બેઠક યોજી જેમાં વિરમગામ તાલુકાના મહામંત્રી કિરીટસિંહ ગોહિલ, રમેશભાઈ સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા અને સરકારની યોજનાઓ વિશે જાણકારી આપી હતી તેમજ આગામી લોકસભા ચૂંટણી માં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને સુરેન્દ્રનગર લોકસભા રૂપે કમળ આપવાનો સંકલ્પ કર્યો હતો.

ગિરનાર શિવરાત્રી કુંભમેળા-૨૦૧૯નું ભવ્ય આયોજન કરાશે



સામાજિક સમરસતા થીમ ઉપર યોજાશે મેળો: મુખ્યમંત્રી

રાજ્ય સરકારે આગામી શિવરાત્રી દરમ્યાન ૨૭ ફેબ્રુઆરી થી ૪ માર્ચ દરમ્યાન ગિરનાર શિવરાત્રી કુંભમેળાના ભવ્ય આયોજન માટે ૧૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી આ મેળાના આયોજન અંગેની બેઠકમાં તેમણે આ વિગતો આપી હતી.

આ વર્ષે મેળો સામાજિક સમરસતાની થીમ સાથે ઉજવાશે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

એટલું જ નહીં સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી સ્વચ્છતા ઝુંબેશ - કુંડ-નદીનાળાની સફાઈ - મેરેથોન દોડ - પર્વતારોહણ સ્પર્ધા - સ્પિરિચ્યુઅલ વૉકના નવા આકર્ષણો પણ મેળામાં જોડવામાં આવશે.

મુખ્યમંત્રીએ જુનાગઢના આ મેળાને પ્રયાગરાજમાં યોજાતા કુંભમેળા સમકક્ષ મિની કુંભમેળા તરીકે યોજવાની નેમ સાથે ગુજરાતના અધિકારીઓની એક ટીમ જાત માહિતી માટે ત્યાં મોકલી હતી.

આ ટીમના સૂચનો ધ્યાનમાં લઈને ગિરનાર કુંભમેળો ભવ્ય બનાવવા વિજયભાઈ રૂપાણીએ માર્ગદર્શન આ બેઠકમાં આપ્યું હતું.

તેમણે એવું સુચન કર્યું કે મેળામાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તેમજ સરકારી ભવનો ઉપર કુંભમેળાને અનુરૂપ ચિત્રો - સુશોભન – એલ.ઈ.ડી. લાઈટ્સ હાઈ માસ્ટ મુકવામાં આવે.

આ મેળાના દિવસો દરમિયાન ગિરનાર પર્વતની દિવાલ ઉપર લેસર શૉ - ફૂલો અને કલરની રંગોળી પણ કરવામાં આવશે.

આ કુંભમેળામાં મોટી સંખ્યામાં આવનારા સંતો માટે સંત સંકલન સમિતિ વિશ્વંભર ભારતી બાપુ અને શેરનાથ બાપુ સાથે પરામર્શમાં રહીને રચવાનું પણ બેઠકમાં તય થયું હતું.

મેળામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે વધુ સંખ્યામાં બસ ફાળવણી કરવા સાથે આ મેળો ભવ્ય-સ્વચ્છ અને આધ્યાત્મિક ભાવનાનું આગવું પ્રતીક બને તેવા આયોજન માટે મુખ્યમંત્રીએ તાકીદ કરી હતી.

તેમણે દર વર્ષે મેળામાં યોજાતી રવેડીને બેન્ડ - રાસમંડળીઓ - હાથી ઘોડા સાથે વધુ ધામધૂમપૂર્વક યોજવા વિષયે પણ પ્રેરક સૂચનો કર્યા હતાં.

આ બેઠકમાં યાત્રાધામ વિકાસ રાજય મંત્રી વિભાવરીબહેન દવે મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ તથા વન, પ્રવાસન અને શહેરી વિકાસના અગ્રસચિવો તેમજ વરિષ્ઠ અધિકારીઓ, જૂનાગઢ મહાનગર પાલિકાના મેયર-કમિશનર-જીલ્લા કલેક્ટર તેમજ પૂજય વિશ્વંભર ભારતી બાપુ, શેરનાથ બાપુ અને અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતાં.

આજે સરકારી પોલીટેકનીક ભુજ ખાતે સ્કોપ અંતર્ગત એક દિવસીય વર્કશોપ યોજાશે

ભુજ, ભુજ શહેરની ડિપ્લોમાં અભ્યાસક્રમ ચલાવતી સરકારી સંસ્થા સરકારી પોલીટેકનીક, ભુજ ખાતે સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપર્ચ્યુનીટી થ્રુ પ્રોફેસીયન્સી ઈન ઈંગ્લીશ (SCOPE –સ્કોપ) દ્વારા તા.૧૧મી જાન્યુઆરીના એક દિવસીય વર્કશોપનું આયોજન કરાયું છે.

ઈજનેરી અભ્યાસ કરતાં વિધાર્થીઓને સ્કોપ દ્વારા અંગ્રેજી ભાષા શીખવા માટે ચલાવવામાં આવતા વિવિધ પ્રોગ્રામની માહિતી મળી રહે તથા તેઓ અંગ્રેજી ભાષામાં પ્રવિણતા હાંસિલ કરી આશાસ્પદ કારકીર્દીના શિખરો સર કરે એ ઉદેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્કશોપમાં સ્કોપ પ્રોગ્રામના જોઈન્ટ સી.ઈ.ઓ. શ્રીમતી માનશીબેન શિવાણી ખાસ ઉપસ્થિત રહેશે. તથા સ્કોપના વર્કશોપનું સંચાલન કેમ્બ્રીજ યુનિવર્સિટીના સર્ટીફાઈડ ટ્રેનરશ્રી યુરેન ભટ્ટ કરશે.

સ્કોપ એ રાજય સરકાર દ્વારા ગુજરાતના યુવાનોમાં અંગ્રેજી ભાષાની કુશળતાઓ ખીલવી તે દ્વારા બહેતરીન રોજગારીની તકો ઉભી કરવા માટે ચલાવવામાં આવતો કાર્યક્રમ છે. વર્ષ ૨૦૦૭થી સ્કોપ દ્વારા અંગ્રેજી ભાષા શીખવા માટે ગુજરાતમાં વિવિધ સ્થળોએ તાલીમ કેન્દ્રો અને મુલ્યાંકન કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. સ્કોપ કાર્યક્રમ શિક્ષણના ત્રણ પડકારો પર આધારિત છે. સુલભતા, મૂલ્યાંકન અને ગુણવત્તા. આજના યુગમાં સરકારી કે પ્રાઈવેટ કોઈપણ જગ્યાએ કારકીર્દી મેળવવા અને ટકાવી રાખવા માટે અંગ્રેજી ભાષા અનિવાર્ય બની છે. ત્યારે ગુજરાતના યુવાનો આંતરરાષ્ટ્રીય સ્તર મુજબની અંગ્રેજી ભાષા અભિવ્યકિત શીખે તે ઉદેશથી સ્કોપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્બ્રિજ યુનિવર્સિટી, યુકે ના કેમ્બ્રિજ ઈંગ્લીશ લેંગ્વેજ એસેસમેન્ટ એ સ્કોપ પ્રોગ્રામના એસસમેન્ટ અને સર્ટિફિકેશન પાર્ટનર છે.

સ્કોપ દ્વારા બે પ્રકારની પરીક્ષાઓ લેવામાં આવે છે. કેમ્બ્રીજ પ્લેસમેન્ટ ટેસ્ટ (સી.પી.ટી.) અને બિઝનેશ લેંગ્વેજ ટેસ્ટીગ (બુલાટસ), સ્કોપ પ્રોગ્રામની પરીક્ષાઓ પાસ કર્યાથી આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર આપવામાં આવે છે. સરકારી પોલીટેકનીક, ભુજના ઓડિટોરિયમ હોલ ખાતે બપોરે ૧૨ કલાકે આ વર્કશોપનું આયોજન કરાયું છે.

વેરાવળની આશાબહેનોએ રસીકરણ કાર્યક્રમ ઉપર નાટક રજુ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું



ગીર-સોમનાથ : વેરાવળ ખાતે ગીર-સોમનાથ જિલ્લાકક્ષાનાં આશા સંમેલનમાં તાલુકા હેલ્થ ઓફિસ વેરાવળના માર્ગદર્શન હેઠળ આશાબહેનોએ રસીકરણ કાર્યક્રમ ઉપર ખુબ સુંદર રીતે નાટક રજૂ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. નાટકના માધ્યમથી આશા સંમેલનમાં ઉપસ્થિત મોટી સંખ્યામાં બહેનોને નાના બાળકોને સમયસર રસીકરણ આપવા માટે સંદેશો આપ્યો હતો. નાટકમાં સહભાગી બહેનો અશ્મીતાબહેન પરમાર, નીતાબહેન ગોહેલ, દયાબહેન વાળા, અપારનાથી શ્રધ્ધાબેન, મકવાણા લક્ષ્મીબેન,રાઠોડ જાગૃતિબેન, ચારીયા મમતાબેન, ચૂડાસમા સુનીતાબેન અને ભજગોતર કમળાબેનને શિલ્ડ આપી જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા વિકાસ અધ્યક્ષારી ધ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આશા સંમેલનમાં કૂલ છ નાટકો રજુ કરવામાં આવ્યા હતા.

ગિરનાર સ્પર્ધા અંતર્ગત તા.૧૩મીએ યાત્રાળુઓને પગથિયા દ્વારા ગિરનાર ઉપર ન જવા અંગેનું જાહેરનામુ

જૂનાગઢ : ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર ઉપક્રમે જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્રના દ્વારા તા.૧૩/૦૧/૨૦૧૯ના રોજ અખીલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ૨૦૧૮-૧૯ યોજાનાર છે. આ સ્પર્ધામાં કારણે ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શકયતા રહેલી હોય એવા સંજોગોમાં ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે સીડી ઉપર સ્પર્ધા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બારીઆએ તા.૧૩-૧-૨૦૧૯ના રોજ ૦૦ કલાક એટલે કે રાત્રીના બારથી બપોરના ૧૨ કલાક સુધી ગિરનાર તળેટીથી અંબાજી મંદીર તરફ જતી ગિરનાર પર્વતની સીડીના પગથિયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યકિતઓને ગિરનાર પર્વતની સીડીના પગથિયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

હાઈબ્રીડ પાર્ક દ્વારા ૧૦ વર્ષમાં ૩૦ હજાર મે.વો. પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન કરવાનો રાજ્ય સરકારનો નિર્ધારઃ અંદાજે ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાનું મુડી રોકાણ



પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન માટે ગુજરાતની આગવી પહેલઃ વિન્ડ – સોલાર હાઈબ્રીડ પાર્ક સ્થાપના અંગેની પોલીસી-૨૦૧૮

ઊર્જા મંત્રી સૌરભભાઇ પટેલ

- કચ્છની પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરાશે

- રાજ્ય સરકારની ખરાબાની જમીનની ૪૦ વર્ષ માટે ભાડાપટ્ટે ફાળવણી કરાશે

- સૌર અને પવન ઊર્જા એક સાથે ઉત્પાદિત થવાના કારણે જમીનની બચત થશે અને ખર્ચ ઘટશેઃ બીનઉપજાઉ અને ખરાબાની પડતર જમીનનો રાજ્યના વિકાસમાં ફળદાયી ઉપયોગ થશે

- રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણયઃ હાઈબ્રીડ પાર્કમાં ભાડાપટ્ટે અપાનાર જમીન આપોઆપ બિનખેતીની જમીન ગણાશે

- જે રાજ્યોમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદિત કરવાની સાનુકુળતા નથી તેવા રાજ્યો પણ આ યોજનાનો લાભ લઇ ઉત્પાદિત વીજળી પોતાના રાજ્યમાં લઇ જઇ શકશે.

ગુજરાત રાજ્યમાં અવિરત મળતો સૂર્ય પ્રકાશ તેમજ પવનની પૂરતી ઝડપને ધ્યાને લેતાં અહીં પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન માટે વિશાળ તકો રહેલી છે. ગુજરાતે મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીના સબળ નેતૃત્વ હેઠળ પુનઃ પ્રાપ્ય ઊર્જા ના પ્રોત્સાહન માટે અનેક નવી નીતિઓ બનાવી પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન ક્ષેત્રે ખુબ મોટી સફળતા મેળવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ચારણકા સોલાર પાર્ક, વીન્ડ પોલીસી, સોલાર પોલીસી, સ્કાય અને રૂફટોપ જેવી યોજનાઓ દ્વારા પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને એક જન આંદોલન બનાવ્યું છે, ત્યારે હવે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ વખત એક જ જગ્યા પર પવન ઊર્જા તથા સૌર ઊર્જાનું ઉત્પાદન થાય એ માટે સોલાર વીન્ડ હાઈબ્રીડ પાર્કની સ્થાપનાની જાહેરાત કરી છે.

આ સંદર્ભે રાજ્યના ઊર્જા મંત્રી સૌરભભાઇ પટેલ અને ઊર્જા રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સૌર ઊર્જાની સાથે સાથે જ પવન ઊર્જાનું પણ ઉત્પાદન થાય અને બંને પ્રકારની પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને એકસમાન પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારે વિન્ડ સોલાર – હાઈબ્રીડ પોલીસી – ૨૦૧૮ બહાર પાડી છે. આ પોલીસી અંતર્ગત રાજ્યમાં આવનારા ૧૦ વર્ષમાં ઓછામાં ઓછી ૩૦ હજાર મે.વો. પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જયાં સોલાર પાર્ક છે તે જ જમીનમાં સોલારની સાથે જ પવનચક્કી સ્થાપીને પવન ઊર્જા ઉત્પન્ન કરી શકાશે. આ જ રીતે વિન્ડ એનર્જી પાર્ક છે ત્યાં જ ખાલી જમીનમાં સોલાર પેનલો મૂકી, સૌર ઊર્જા ઉત્પન્ન કરી શકાશે. આ પોલીસીના કારણે જમીનની બચત થશે. એટલું જ નહીં પણ સોલાર અને વિન્ડ એનર્જી દ્વારા એકજ જમીનનો જુદા જુદા પ્રકારની પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરવા ઉપયોગ કરી શકાશે. ઉપરાંત રાજયની વણવપરાયેલી બીનઉપજાઉ અને ખરાબાની પડતર જમીનનો રાજયના વિકાસ માટે ફળદાયી ઉપયોગ થશે. તેમજ વીજળીના પ્રવહન માટેની વીજ લાઇનોનો પણ તેની મહત્તમ ક્ષમતા પ્રમાણે ઉપયોગ કરી શકાશે.

રાજય સરકારની આ નીતિ સંદર્ભે મંત્રીએ વધુ માહિતી આપી હતી કે, રાજય સરકાર દ્વારા આવા હાઈબ્રીડ પાર્ક ડેવલપરને સરકારી ખરાબાની જમીન ૪૦ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવશે.

આવા ડેવલપરે ૧૦ વર્ષમાં ભાડાપટ્ટે ફાળવાયેલ જમીન ઉપર તેમના પ્રોજેકટના ૧૦૦ ટકા ક્ષમતા ઉભી કરી, પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદિત કરવાની રહેશે.

પાર્ક ડેવલપરને સરકારી જમીનના ઉપયોગ બદલ પ્રતિ હેકટર રૂા.૧૫૦૦૦/- વાર્ષિક ભાડુ સરકારને ચુકવવાનું રહેશે તથા દર ત્રણ વર્ષે આ ભાડામાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવશે. પાર્ક ડેવલપર આ જગ્યા સબલીઝ કરે તો પણ આ દરો ચુકવવાના રહેશે. વધુમાં, પ્રતિ હેકટર રૂા.૧૫૦૦૦/- પ્રતિ વર્ષ માળખાકીય સુવિધા માટે ચુકવવાના રહેશે.

મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, હાઈબ્રીડ પાર્ક માટે ફાળવવામાં આવતી જમીન આપોઆપ બિનખેતીની જમીન ગણાશે એવો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય પણ લીધો છે.

પાર્ક ડેવલપરની પસંદગી માટે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ છે. જે પાર્ક ડેવલપરની પસંદગી તથા અન્ય મહત્વના નીતિવિષયક નિર્ણયો લેશે.

પાર્ક ડેવલપરની પસંદગી કરતી વખતે સમિતિ ડેવલપરની નાણાંકીય ક્ષમતા, રીન્યુએબલ ક્ષેત્રે ટર્નઓવર, નેટવર્થ, ઉત્પાદન ક્ષમતા, તાંત્રિક ક્ષમતા, અનુભવ, ગુજરાતમાં રીન્યુએબલ મેન્યુફેકચરીંગ બેઝ, રીન્યુએબલ ક્ષેત્રમાં ગુજરાતમાં મુડી રોકાણ, રીન્યુએબલ સિવાય ઊર્જા ક્ષેત્રે કરેલ અન્ય કામગીરી વગેરે, ટેકનો ફાઇનાન્સીયલ માપદંડોને ધ્યાને લેશે. ઓછામાં ઓછા ૧૦૦૦ મેગા વોટનું ઉત્પાદન થઇ શકે તેટલી જમીન ફાળવવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે કે, ભારત પ્રદુષણમુક્ત તથા સ્વચ્છ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરે. આ પાર્કમાં દેશના કોઇપણ રાજ્ય પોતાના રીન્યુએબલ પાવર પર્ચેઝ ઓબ્લીગેશન પુરા કરવા માટે પોતાના રીન્યુએબલ પ્લાન્ટ સ્થાપી શકશે તથા ઉત્પન્ન થયેલ વીજળી પોતાના રાજયમાં લઇ જઇ શકશે. દેશના ઘણાં રાજ્યો એવા છે જયાં આ રાજ્યોના ભૌગોલિક સ્થાનના કારણે પવન ઊર્જા કે સૌર ઊર્જા ઉત્પન્ન કરવાનું શક્ય નથી. આ રાજ્યો આ પોલીસી હેઠળ સ્થપાનાર રીન્યુએબલ પાર્કમાં હિસ્સેદાર બની પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન કરી પોતાના રાજ્યોમાં લઇ જઇ શકશે.

કેન્દ્ર સરકારની કંપની સેકી – સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇનડિયા જે દેશભરમાં અન્ય રાજ્યો માટે સૌર ઊર્જા અને પવન ઊર્જા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરે છે તેને પણ રાજયના હાઈબ્રીડ પાર્કમાં જગ્યા ફાળવી શકાશે. ભારત સરકારે રીન્યુએબલ પાર્કમાં ઉત્પન્ન થયેલ વીજળી અન્ય જગ્યાએ લઇ જવા માટે જરૂરી ટ્રાન્સમીશન નેટવર્કની સ્થાપના માટેનો સંપૂર્ણ ખર્ચ ભોગવવાની તૈયારી દર્શાવેલ છે.

રાજય સરકારે હાઈબ્રીડ પાર્ક પોલીસી જાહેર કરીને ૧૦ વર્ષમાં ૩૦ હજાર મે.વો. પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાં પણ સોલાર અને વિન્ડ એનર્જીમાં કચ્છની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરાશે. મુડી રોકાણ અંગે વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ૧૦ વર્ષમાં સ્થપાનાર આ ૩૦ હજાર મેગા વોટના પ્રોજેક્ટ માટે અંદાજે ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાનું મુડી રોકાણ રાજયમાં થશે. તદ્ઉપરાંત ઉત્પાદિત થનાર વીજળીને પ્રવહન કરવા માટેની વીજ લાઇનો માટે અંદાજે ૧૦ હજાર કરોડનું મુડી રોકાણ થવાનો અંદાજ છે. જેને કારણે રાજયમાં રોજગારીના અનેક અવસરો ઉભા થશે.

ઊર્જા મંત્રીએ ઉમેર્યુ હતું કે, રીન્યુએબલ એનર્જી એટ્રેકટીવનેસ ઇન્ડેક્સ ૨૦૧૭ અન્વયે ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. આગામી ૨૦૨૨ સુધીમાં ભારત સમગ્ર વિશ્વમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાના ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બનશે ત્યારે રાષ્ટ્રના વિકાસ માટે રાજ્યના વિકાસના મંત્રને સાકાર કરી, ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે શિરમોર બની રહેશે.













રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નં.૫ ની પેટાચૂંટણી જાહેર : ભાજપ કોંગ્રેસ માટે નિર્ણાયક

ભાજપના સદસ્ય ગીતાબેન વસાવા સસ્પેન્ડ થતા પેટાચૂંટણી

ભાજપે ૪ સભ્યોને સસ્પેન્ડ કરી પગ પર કુહાડી મારી

ગત ચૂંટણીમાં રાજપીપલાના ૭ વોર્ડની કુલ ૨૮ બેઠક પર ભાજપે ૧૬ બેઠકો મેળવી બહુમતીથી સત્તા મેળવી, જયારે કોંગ્રેસે ૦૬ બેઠકો મેળવી સામે આપક્ષે ૦૬ બેઠકો મેળવી જેમાં અપક્ષો કોંગ્રેસ સાથે રહેતા કોંગ્રેસની ૧૨ બેઠકો થઈ જેમાં બે જગ્યાએથી ચૂંટાયેલા ભરત વસાવાએ એક જગ્યાએથી રાજીનામુ આપતા ભાજપને એક બેઠક વધી આમ ભાજપની ૧૭ અને કોંગ્રેસ અપક્ષની ૧૧ બેઠકો થઈ બીજી ટર્મમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરશે એવી બીકે ભાજપે પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી પહેલા જ ૪ સભ્યોને સસ્પેન્ડ કર્યા છતાં ૧૩ બેઠકો સાથે બહુમતીથી બીજી ટર્મમાં પણ સત્તા મેળવી લીધી, હવે ભાજપના એક વધુ સભ્ય સસ્પેન્ડ થતા હાલ ભાજપ પાસે ૧૨ બેઠકો છે અને કોંગ્રેસ પાસે ૧૧ બેઠકો છે. જો કોંગ્રેસ જીતે તો સરખા સભ્યો સાથે પાલિકામાં ખેંચતાણ વધી જશે.

રાજપીપળા : રાજપીપળા નગર પાલિકાના વોર્ડ ૫ ના એક સભ્યની પેટા ચૂંટણી માટે ચૂંટણીનું જાહેરનામું પડી ગયું છે અને આગામી ૨૭ જાન્યુઆરીના મતદાન થશે ત્યારે આ પેટા ચૂંટણી ભાજપ કોંગ્રેસ માટે ખુબ નિર્ણાયક સાબિત થશે ભલે સત્તાની અદલ બદલ નહિ થઇ શકે પણ જો ભાજપે આ સીટ ગુમાવી તો કોંગ્રેસ ૧૨ અને ભાજપની પણ ૧૨ સીટો થતા હિસાબો અને વિકાસના કામોમાં બહુમતી માટે તકલીફ પડી શકે છે. હવે જોવું રહ્યું કે કોણ બાજી મારે છે.

૨૧ જ પી પ ળ ા નગરપાલિકામાં વોર્ડ ૫ એ ભાજપનો ગઢ માનવામાં આવે છે અને ગત ચૂંટણીમાં પણ આ વોર્ડ માંથી ૪ બેઠકો ભાજપે જીતી છે ત્યારે ગત ટર્મના ઉપપ્રમુખ ગીતાબેન મહેશભાઈ વસાવા પોતે સવર્ણ હોય ભલે આદિવાસી સાથે લગ્ન કર્યા હોય પણ મૂળ જાતિના બદલાય એ માટે તેમને આદિજાતિ અનામત બેઠક પરથી ચૂંટણી લડ્યા અને જીત્યા પણ ખરા જોકે તે સમયે કોંગ્રેસના ઉમેદવાર સનીબેન વસાવા એ વાંધો ઉઠાવ્યો હતો પણ ચૂંટણી યોજાઈ અને ગીતાબેન જીતી ગયા ત્યારે સની બેને હાઇકોર્ટમાં અપીલ કરતા જેમાં આ ઉમેદવી રદ અને તેમને આપેલ જાતિનો દાખલો પણ અમાન્ય ગણાયો અને સદસ્ય તરીકે સસ્પેન્ડ કરતા તેમની ખાલી બેઠક માટે આજે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જેનું જાહેરનામું પ્રસિદ્ધ થયું ૧૨ જાન્યુઆરીએ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. અને ૨૭ જાન્યુઆરીના રોજ ચૂંટણી યોજાશે જેમાં મતદારો પોતાની પસંદગી બતાવશે.

છેલ્લા ૧૪ વર્ષથી અપહરણના ગુનામાં નાસતો ફરતો એક આરોપી પકડાયો

ભુજ કચ્છ:હાલમાં રાજ્યા લેવલે નાસતા ફરતા આરોપીઓને પકડવાની કાર્યવાહી ચાલુમાં હોય પોલીસ મહાનિરીક્ષક સરહદી રેન્જ ભુજ તરફથી ચાર જીલ્લાના ગુનાના રાજય બહારનાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે કુલ ૨૦ ટીમોની રચના કરવામાં આવેલ છે, જે અન્વયે અંગેના પૂર્વ કચ્છ ગાંધીધામ જીલ્લાની પાંચ ટીમો બનાવવામાં આવેલ અને પોલીસ અધિક્ષક પુર્વ કચ્છ ગાંધીધામ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અંગેના જિલ્લાથી બહાર ગયેલ ટીમ દ્વારા અંજાર પો.સ્ટે.ફ. ગુ.ર.ન. ૪૨/૦૪ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાનો નાસતો ફરતો આરોપી સુરેશ રામચન્દ્ર પટેલ રહે.. ગામ શેખાવના તા.. રામગઢવા જિલ્લો મોતીહારી , બિહાર વાળાને તા. ૦૯/૦૧/૨૦૧૯ ના અટક કરવામાં આવેલ છે.અંજાર પોલીસને સોંપવાની કાર્યવાહી કરવામા આવેલ છે.

આ કામગીરીમાં બી.જે. પરમાર પો.સબ. ઈન્સ., હેડ. કોન્સ. સુરેશભાઈ ખેતાભાઈ તરાલ,પો.કોન્સ. હસમુખ હીરાભાઈ સેંધવ, નટવરજી વેલજી ઠાકોર, ચીરાગ કનૈયાલાલ રાણા વગેરે જોડાય હતા.

ગાંધીધામમાં વરલી મટકાનો જુગાર રમતો એક ઈસમને આર.આર.સેલ પકડી પાડ્યો

ભુજ કચ્છઃ પોલીસ મહાનિરીક્ષક ડી.બી.વાઘેલા સરહદી રેન્જ ભુજ નાઓના માર્ગદર્શન તેમજ પો.સબ.ઈન્સ જી એમ. ઠડીયાની સુચનાથી ગાંધીધામ વિસ્તારમાં પ્રોહી જુગારની કામગીરી કરવા એ.એસ.આઈ. મેઘજીભાઈ ખીરાભાઈ મહેશ્વરી, પો.કોન્સ જયદીપસિંહ સમુભા જાડેજા આર.આર.સેલ સરહદી રેંજ ભુજ વગેરેનાઓ પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ જયદીપસિંહ જાડેજાને ખાનગી રાહે બાતમી મળેલ કે શકતીનગર ગ્રાઉન્ડના લીમડાના ઝાડ નીચે મગન ઉર્ફે જિન્ગો સુમારભાઈ મહેશ્વરી રહે. સુંદરપુરી મડદપીરની દરગાહ પાસે ગાંધીધામ વાળો જાહેરમાં વરલી મટકાના આંક ફરકનો રૂપિયાની હારજીતનો જુગાર રમી રમાડી છે જેથી દરોડો કરતા આરોપી પાસેથી વરલી મટકાના આંક બ્લ્યુ સહીથી લખેલ કાગળ નંગ – ૨,બોલપેન નંગ – ૧,,એક કાળા કલરનો સેમસંગે કંપનીનો મોબાઈલ કી.રૂ.૨૦૦૦,રોકડા કી.રૂ.૨૧૧૮૦ તથા યામહા કંપનીનુ આલ્ફા (સ્કુટર) જેના ૨જી.ન. જીજે-૧૨-ડીપી-૭૭૫૬ જેની કી.રૂ.૨૦૦૦૦ એમ કુલ કી.રૂ.૪૩૧૮૦ મળી આવેલ છે.

વ્યારા નગરમાં ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકાયો

વ્યારા

વ્યારા નગરના જુના બસ સ્ટેન્ડથી મેઈન રોડબજાર થઈ જવાહર ચોકપોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સમય દરમિયાન ઉપરોકત વિસ્તારમાં માલવાહક ભારે વાહનોનો પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે. પરિણામે જાહેરજનતાને અવર-જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડેછે. જેને લઈ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વેહોનિયાએ જાહેરનામું બહાર પાડી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડ થી મેઈન રોડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધી અને જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૦૮:૦૦ કલાકથી સાંજે ૨૦:૦૦ કલાક સુધીના સમય દરમિયાન માલ વાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આવશ્યક સેવાના વાહનો, ઈમર્જન્સી સેવાઓ અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા વાહનોની અવર જવરને આ જાહેરનામું લાગુ પડશે નહિં.

વરાછામાં મોપેડને ટક્કરમારી રોકડા રૂા. એક લાખની તફડંચી

સુરત

વરાછામાં મોપેડથી ટક્કર મારી બે અજાણ્યા યુવકો રાહદારીના ખિસ્સામાંથી રોકડા રૂપિયા એક લાખની ચોરી કરી ગયા હતા.

યોગી ચોક શિવમંદિર સોસાયટીમાં રહેતા જનકભાઈ જેઠાભાઈ ચભાડિયા માતાવાડી મોહનની ચાલ પાસેથી પસાર થતાં હતા, ત્યારે મોપેડ સીવાર બે અજાણ્યા યુવકોએ ફરિયાદીને ટક્કર મારી ખિસ્સામાંથી રોકડા રૂપિયા એક લાખ સેરવી લીધા હતા. વરાછા પોલીસે ચોરીનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. આમ વરાછામાં મોપેડને ટક્કરમારી રોકડા રૂા. એક લાખની અજાણ્યા યુવકો દ્વારા તફડંચી કરી ગયા હોવાની ફરિયાદ વરાછા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

ઉપમી સ્ટેટ લેવલ કો-ઓર્ડીનેશન કમિટીની (SLCC) બેઠક ગાંધીનગર ખાતે સંપન્ન

લેભાગુ કંપનીઓ સાથે નાણા વ્યવહાર નહીં કરવા લોકોને અનુરોધ

ગાંધીનગર ખાતે ઉપમી સ્ટેટ લેવલ કો-ઓર્ડીનેશન કમિટીની(SLCC) બેઠક રીઝર્વ બેંકનાં રીઝનલ ડીરેક્ટર જે.કે.દાસ દ્વારા યોજવામાં આવી હતી જેમાં અધ્યક્ષ સ્થાને નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં કમિટી દ્વારા જે પેઢીઓ પર તપાસ ચાલી રહી છે તેવી કેટલીક શંકાસ્પદ પેઢીઓ પર ચાલી રહેલા કેસોની ચર્ચા-સમીક્ષા કરવામાં આવી હતી જેમાં પીઅર્સ ઈન્ડિયા લીમીટેડ, ગ્લોબલ મલ્ટી ફાઇનાન્સિયલ સર્વીસીસ, ૭ સ્ટેપ, ડ્રીમ પેસિફિક વિઝન સર્વિસ, જોય વિલા (ઈન્ડિયા)પ્રા.લી., મયુર ફાઇનાન્સ, રીયલ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ, ઈન્ડિયા વેલ્થ, વર્લ્ડ ક્લેવરેક્સ સોલ્યુશન્સ ઈન્ડીયા, કીમ ફ્યુચર વિઝન સર્વિસીસ લીમીટેડ એન્ડ નેક્ટર કોમર્શિયલ એસ્ટેટ લીમીટેડ તથા સદભાવના ફાઉન્ડેશન-ઉમિયા કૃપા મિત્ર મંડળ એન્ડ પેવે કોઈન કંપનીનો સમાવેશ થાય છે. શ્રી અગ્રવાલે સામાન્ય જનતાને આ પ્રકારની લેભાગુ કપનીઓ સાથે કોઈ વ્યવહાર ન કરવાની સલાહ આપી હતી તથા આ પ્રકારની કોઈ કંપની ધ્યાનમાં આવે તો તાત્કાલિક આર.બી.આઈને જાણ કરવા અનુરોધ કર્યો હતો.

ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ અંતર્ગત CID (ક્રાઈમ એન્ડ રેલ્વે)ને ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ સુધીમાં ૧૨,૬૧૬ ફરિયાદો મળી હતી જે પૈકી ૪,૭૫૬ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો તથા ૫૫૫ કેસમાં ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. આ ફરિયાદોમાં ATM કાર્ડની વિગતો/ ઓ.ટી.પી માંગવાથી લઈને ખોટા ઈ મેઈલ દ્વારા છેતરપીડી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. સાથે સાથે ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ(GPID) એક્ટ-૨૦૦૩ અંતર્ગત ૩૮ કેસ નોંધવામાં આવ્યા હતા જેમાં કુલ ૨૦૦ મિલકતો અને રૂ.૧૦૦ જપ્ત કરવામાં આવ્યા હતા. GPID એક્ટ-૨૦૦૩ અંતર્ગત નોંધાયેલ પોન્ઝી સ્કીમનાં એક કેસમાં નામદાર ન્યાયાલય દ્વારા રોકાણકારોને રૂ.૧૦ લાખ પરત કરવાનો આદેશ કરવામા આવ્યો હતો જે આ પ્રકારનો સૌપ્રથમ કેસ છે.

બેઠકમાં અન્ય કેટલાક ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા જેમાં CID(ક્રાઈમ એન્ડ રેલ્વેના ડીજીપી આશિષ ભાટિયા, નાણા વિભાગના ખર્ચ સચિવ મિલિન્દ તોરવણે, કો-ઓપરેટીવ સોસાયટીના રજીસ્ટ્રાર નલીન ઉપાધ્યાય તથા CID(ક્રાઈમ એન્ડ રેલ્વે)ના ડીઆઈજી સચિન બાદશાહનો સમાંએશ થાય છે. આ કમિટી નાણકીય છેતરપીડીના કેસોની સમીક્ષા માટેની સર્વોચ્ચ કમિટી છે જે નાણકીય છેતરપીડી અને ઉચાપત રોકવા માટે તથા તપાસ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ તપાસની સમીક્ષા કરે છે.

ડાંગમાં સુરતની બસને નડેલી દુર્ઘટનામાં સેવા કાર્ય કરનારનું સન્માન કરાશે

ડાંગ જિલ્લા વહીવટી તંત્રનો સરાહનીય પ્રયાસ

આહવા

ગત તા.૨૨મી ડીસેમ્બરે ડાંગ જિલ્લાના ધૂલદા પાસે થયેલા બસ અકસ્માતના કમનસિક બનાવ વેળા, સ્થાનિક પ્રજાજનો સહિત જનપ્રતિનિધિઓ, અને જિલ્લા વહિવટી તંત્રના જુદા જુદા વિભાગો, અધિકારીઓ/ કર્મચારીઓ વિગેરેએ ખૂબ જ સંવેદનશીલતા સાથે માનવિય અભિગમ અખત્યાર કરી, ત્વરિત બચાવ રાહત કામગીરી કરીને, વધુ જાનહાનિ થતી અટકાવી હતી. જેની સુખદ નોંધ લેતા તાજેતરમાં રાજયકક્ષાએ ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રી મંડળની બેઠકમાં પણ ટીમ ડાંગના આ કાર્યને બિરદાવવામાં આવ્યુ હતું.

ડાંગ કલેકટર શ્રી બી.કે.કુમાર તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ ડાંગ જિલ્લાના સંબંધિત પ્રજાજનો, જનપ્રતિનિધિઓ, અધિકારી/ કર્મચારીઓને ભવિષ્યમાં પણ આવી જ ટીમ ભાવના અને માનવિય અભિગમ સાથે કાર્ય કરવાની અપીલ કરી તેમને શુભેચ્છા પાઠવી હતી.

આ ઉચ્ચાધિકારીઓએ ડાંગમાં બનેલી આ ઘટનામાં ઉત્કૃષ્ટ સેવા આપનારા સેવાભાવીઓનું આગામી તા.૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાક પર્વના દિવસે જાહેર અભિવાદન કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. જેથી અન્ય લોકો પણ માનવતાના આ સેવાયજ્ઞમાં તેમનુ યોગદાન આપી શકે.

ભાડે ફેરવવા આપેલા બે વાહનો સાથે ત્રણ લોકો છૂ થઈ ગયા

બોલેરા ગાડી અને આઈસર ટેમ્પો લઈ ત્રણ વ્યકિત ગાયબ

સુરત

કડોદરા- વરેલી રાધાપુરમ રેસિડેન્સી ખાતે મહિન્દ્ર બોલેરો પીકઅપ ગાડી અને આઈસર ટેમ્પો બચત પર ફેરવવા માટે આપ્યાં હતાં બચત ફેરવવા આપેલા આ બંને વાહનો લઈને શહેરના બે તથા કડોદરાનો એક ઈસમ મળી કુલ્લે ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયો હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો.

પોલીસ સૂતોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાન સિરોહી જિલ્લાના વતની અને હાલમાં કડોદરા-વરેલી વિસ્તારમાં રહેતા રામારામ ઘાંચીએ તેમની માલિકીનો મહિન્દ્રા કંપની પીકઅપવાન (જીજે ૧૯×૪૩૦૫) અને આઈસર ટેમ્પો (જીજે-૧૯×૫૮૮૫) બચત પર ભાડે ફેરવવા માટે પલસાણા કડોદરાના રહેવાસી રામ બદલ તિવારી, ડુંભાલ ટેનામેન્ટના ફિરોઝ બિયરાની તથા ઉધના ઉદ્યોગના મહંમદ ઉર્ફે મોહંમદ ઘોડા બલદારને આપ્યા હતા. ભાડે ફેરવવા માટે આપેલા આ બંને વાહનોને લઈને આ ત્રણેય આરોપીઓ ફરાર થઈ જતા રામારામે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૪૦૭ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માતા-પિતાને જોઈને સંતાનો સોશિયલ મીડિયાને અનુસરે છે : ફયસલ બકીલી

દાદાભાઈ નવરોજી સ્મૃતિ વ્યાખ્યાન માળાનો ૨૭મો મણકો યોજાયો

સુરત

''સોશિયલ મીડિયા ઉપર સક્રિય દર ત્રીજુ બાળક ઉદાસી અને નિરાશા અનુભવે છે. સોશિયલ મીડિયા બાળકોની અવસ્થામાં વધારો કરે છે. સોશિયલ મીડિયા ઉપર એક્ટીવ વિદ્યાર્થીઓ ડિપ્રેશનનો શિકાર બની જતા હોય છે. સંતાનને ફોન કઈ ઉંમરે આપવો એ માતા પિતાએ નક્કી કરવાનું છે. બાળકના હાથમાં મોબાઈલ મુક્યા પછી એનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું પણ શીખવવું જરૂરી છે. ત્રણ કે ચાર વર્ષના દીકરા-દીકરીને મોબાઈલમાં રમત રમતા આજે હરખાઈ છે પણ એના પરિણામનો એમને ખ્યાલ નથી હોતો. હાલમાં જ થયેલા રિસર્ચ મુજબ ૧૩ થી ૧૭ વર્ષની ઉંમરના ૯૫ ટકા વિદ્યાર્થીઓ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે અને ૮૫ ટકા યુટ્યૂબ જુએ છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરતા બાળકો ક્યારે પોર્નોગ્રાફી જોતા થઈ જાય એ કહેવાતું નથી. આપણાં સંતાનોને મોબાઈલ આપીને એને શું જોવું ? શું નહીં કરવું એની લક્ષ્મણ રેખા દોરી તો આપીએ પણ એવી મર્યાદામાં રહી શકાય ખરૂં ? બાળકના જન્મ પછી એના માતાપિતા, શિક્ષકો અને સમાજે માળીનું કામ કરવાનું છે પણ માળીકાર્ય કેવું હોય ? મોબાઈલ અને ઈન્ટરનેટ હવે અનિવાર્ય અવગુણ બની ગોય છે. સાચો ઉપાય એ જ છે કે વિદ્યાર્થી પુખ્ત ઉંમરનો થાય ત્યારે જ એના હાથમાં મોબાઈલ મુકવો જોઈએ.

નવસારીના પનોતા પુત્ર, મહાન દેશભક્ત દાદાભાઈ નવરોજી વ્યાખ્યાનમાળા અંતર્ગત ભક્તાશ્રમ સ્કૂલમાં યોજાયેલ ૨૭માં મણકામાં 'સોશિયલ મીડિયા અને વિદ્યાર્થીઓ' આ વિષય ઉપર પ્રવચન કરતા ચિત્રાલેખા સામાહિકના દક્ષિણ ગુજરાતના પ્રતિનિધિ અને ફયસલ બકીલીએ વિદ્યાર્થીઓ અને આમંત્રિતોને સંબોધન કરતા આ વિચારો વ્યક્ત કર્યા હતા.

નવસારી નગરપાલિકાના પ્રમુખ કાંતિભાઈ પટેલની અધ્યક્ષતામાં અને વિરોધ પક્ષના નેતા અયાઝ શેખના અતિથિ વિશેષપણામાં યોજાયેલા આ સમારોહમાં કેરસી દેબુ, ભક્તાશ્રમ કેળવણી મંડળના પદાધિકારીઓ ભાસ્કરભાઈ ભકતા, નીરવભાઈ ભકતા, સીનીયર સીટીઝનો ઉપસ્થિત હતા. કેમ્પસ નિયામક ધર્મેશ કાપડીયાએ દાદાભાઈ નવરોજી દેશભક્તિ ગીત સ્પર્ધામાં ભક્તાશ્રમના વિદ્યાર્થીઓની ટીમ સતત ચોથી વાર વિજયી થઈ અને સતત ચોથી વાર આ કાર્યક્રમ ભક્તાશ્રમમાં યોજાય રહ્યા છે એ માટે આનંદ વ્યક્ત કરી વકતાનો પરિચય આપ્યો હતો. પ્રા. જશુભાઈ નાયકે ૨૭ વર્ષથી સતત ચાલી રહેલ આ વ્યાખ્યાનમાળાની ભૂમિકા બાંધી એ માટે નવસારી નગરપાલિકા તથા શાળાઓ તરફથી મળતા સહકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. એમણે કહ્યું કે 'સ્વરાજ' શબ્દ આપનાર દાદાભાઈ નવરોજી હતા. પ્રાથમિક વિભાગના આચાર્યા મયુરીબેન ચૌહાણે આભાર દર્શન કર્યું હતું.

રેતી-કપચીના બદલામાં મકાન લખી આપ્યું પરંતુ કબજો આપવા ઈનકાર

રૂા. ૪૯.૯૯ લાખની છેતરપિંડી કરાતા પોલીસ ફરિયાદ

સુરત

રેતી-કપચીના બદલામાં મકાન વેચાણ કરારથી આપ્યા બાદ મકાનનો કબજો નહીં આપી રૂપિયા ૪૬,૯૯,૪૨૭ની વિશ્વાસઘાત-છેતરપિંડી કરનાર બે જણાં સામે પોલીસ ફરિયાદ થઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પૂણા-સીમાડા રાધે પાર્ક સોસાયટી રહેતાં રેતી વેપારી સંજય બાવાભાઈ કડવાણીએ આરોપી વિજય વિનુભાઈ ફિણવીયા (રહે. શુકન બંગ્લોઝ, પ્રાણી સંગ્રહાલય પાછળ, સરથાણા), રેખાબેન પરસોત્તમભાઈ ફિણવીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદ પાસેથી રૂા. ૪૬,૯૯,૪૨૭ની કિંમતની રેતી-કપચી ખરીદી હતી. જેના બદલામાં મકાનનો વેચાણ કરાર કરી આપ્યો હતો. ત્યારબાદ મકાનનો કબજોન હીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સરથાણા પોલીસ મથકના પો.સ.ઈ. જે.કે. બારીયાએ આરોપીની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

ચલથાણ રોડ પરથી પીસીબીએ વિદેશી દારૂ ભરેલી કાર ઝબ્બે કરી

પોલીસે રૂા. ૬.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરત

પીસીબી પોલીસે અલથાણ, કેનાલ રોડ શેરડીના ખેતર પાસેથી દારૂ ભરેલી કાર કબજે કરી હતી. પીસીબી પોલીસે અલથાણ, કેનાલ રોડ, દેલવાડા બંગલીથી આગળ કાર નં. જીજે-૦૬-એલએસ ૫૮૭૬ને કબજે કરી ઝડતી લેતા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પીસીબી પોલીસે રૂા. ૮૬,૦૪૦નો દારૂ અને કાર મળી રૂા. ૬,૮૬,૦૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પીસીબી પોલીસના હે.કો. દિલીપસિંહ કેશરીસિંહે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

૧૪૪૮ આંગણવાડીઓના માધ્યમથી ૯૪૮ અતિ કુપોષિત અને ૫૯૬૦ કુપોષિત બાળકોને સુપોષિત કરાશે

બાળકો સગર્ભાઓ અને ધાત્રી માતાઓને પૂરક પોષણ આહાર ધ્વારા સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટેની ટેક હોમ રેશન યોજનાનો જિલ્લામાં પ્રારંભ



સાંસદ જિલ્લા પંચાયત અધ્યક્ષા અને ધારાસભ્યએ આંગણવાડીઓને વિતરણ માટે ટેક હોમ રેશન વાનને કરાવ્યુ પ્રસ્થાન

વડોદરા, વડોદરા જિલ્લાની ૧૪૪૮ આંગણવાડીઓના માધ્યમથી ૯૪૮ અતિ કુપોષિત અને ૫૯૬૦ કુપોષિત બાળકો તારવવામાં આવ્યા છે. તેમને તા.૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં સુપોષિત અને સ્વસ્થ બનાવવાના લક્ષ્ય સાથે, ભારત સરકારના સહયોગથી રાજ્ય સરકારે વડોદરા સહિત રાજ્યના સાત જિલ્લાઓમાં આજથી ટેક હોમ રેશન(ટીએચઆર) યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. તેનો શુભારંભ કરાવતા સાંસદ રંજનબહેન ભટ્ટ, જિલ્લા પંચાયત અધ્યક્ષા પન્નાબહેન ભટ્ટ તથા ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવ અને જિલ્લા વિકાસ અધિકારી કે.બી. ઝવેરીએ આંગણવાડીઓ સુધી બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણ શક્તિ આહારના પેકેટસના વિતરણ માટેની ટીએચઆર વાનને અટલાદરા સ્વામિનારાયણ મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે આ ટેક હોમ રેશન પોષક તત્વોથી સમૃધ્ધ આટા સ્વરૂપનું છે જેના પેકેટસ ઘેર લઇ જઈને, તેમાંથી ઢેબરા, મુઠીયા જેવી પોષક વાનગીઓ બનાવીને સરળતાથી ઉપભોગ કરી શકાય છે. ત્રણ વર્ષ સુધીના બાળકો, સગર્ભાઓ અને ધાત્રી માતાઓ માટે આ વિશેષ આહાર બનાવવામાં આવ્યો છે. વડોદરા જિલ્લા માટે જરૂરી ટેક હોમ રેશનના જથ્થાનું ઉત્પાદન કરવાની જવાબદારી સુરતની સુમુલ ડેરીને સોંપવામાં આવી છે. આંગણવાડી કાર્યકરો ધ્વારા પ્રત્યેક લાભાર્થી દીઠ એક મહિનાનું ટીએચઆર પૂરું પાડવામાં આવશે.

ગુજરાત સરકારે સ્વસ્થ બાળક, સ્વસ્થ માતા ધ્વારા તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે આ યોજના શરૂ કરી છે તેવી લાગણી વ્યક્ત કરતાં સાંસદ રંજનબહેન ભટ્ટે જણાવ્યું કે આ યોજનાનો ગુજરાતમાં પ્રારંભ આણંદથી ખુદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરાવ્યો હતો. જે સશક્ત બાળકો, તંદુરસ્ત મહિલાઓ માટેની ભારત સરકાર અને કેન્દ્ર સરકારની શુભનિષ્ઠા પુરવાર કરેછે. તેમણે આંગણવાડી કાર્યકર બહેનો આ કામ ખૂબ જવાબદારીની ભાવના સાથે પૂરું કરે એવો અનુરોધ કર્યો હતો.

જિલ્લા પંચાયત અધ્યક્ષા પન્નાબહેન અને ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવે ટેક હોમ રેશનની મદદથી માતા અને બાળકની તંદુરસ્તની કાળજી લેવાનું કામ ખંતપૂર્વક થશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી કે.બી.ઝવેરીએ સંકલિત બાલ વિકાસ યોજનાના માધ્યમથી બાળ વિકાસના નિર્ધારીત લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરવા અને આંગણવાડીઓના બાળકોની આધાર નોંધણી અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનો લાભ આપવાની કામગીરી વેગવાન બનાવવા જણાવ્યુ હતું. તેમણે જણાવ્યું કે આંગણવાડીઓની આકસ્મિક મુલાકાત લઈને કામગીરીની ગુણવત્તા ચકાસવામાં આવશે.

આઈસીડીએસના જિલ્લા કાર્યક્રમ અધિકારી પારુલ નાયકે સહુને આવકાર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષા મંજુલા બહેન, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વસૈયા સહિત ખાતાધિકારીઓ, સીડીપીઓ, આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ટેક હોમ રેશનમાંથી બનાવેલી વાનગીઓનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ.

પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી ઉના ખાતે થશે

ગીર-સોમનાથ : ગીર-સોમનાથ જિલ્લાનાં ઉના સ્થિત શાહ એચ.ડી.શાહ હાઈસ્કુલના મેદાનમાં ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા કલેકટરશ્રી અજયપ્રકાશનાં અધ્યક્ષસ્થાને ઈણાજ જિલ્લા સેવા સદન ખાતે મળેલ બેઠકમાં આ અંગે તૈયારીઓ કરવા પ્રાંત અધિકારી, ઉના તેમજ ઉના તાલુકા વહિવટીતંત્રનાં અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી.

પ્રજાસત્તાક પર્વની ગરીમાપૂર્ણ ઉજવણી સાથે ઉના શહેરમાં સફાઇ અભિયાન તેમજ રોશની માટે સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રભાત ફેરી, ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ટેબ્લો, પ્રદર્શન સ્ટોલ તેમજ ઇનામ વિતરણ માટે જિલ્લાનાં અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ બેઠકમાં અધિક કલેકટર એચ.આર.મોદી, નાયબ કલેકટર ભાવનાબા ઝાલા, ઉના પ્રાંત અધિકારી પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સંજય મોદી, જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી શિતલબેન પટેલ, જિલ્લા આંકડા અધિકારીશ્રી રાણા અને તમામ વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પુણે ખાતે આયોજીત ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ-૨૦૧૯માં ગુજરાતના ૨૦૯ રમતવીરો ભાગ લેશે

કેન્દ્ર સરકારના મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ વિભાગ તથા મહારાષ્ટ્ર સરકાર દ્વારા પુણે ખાતે તા.૯ જાન્યુઆરી ૨૦૧૯ થી તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ-૨૦૧૯ યોજાઇ રહી છે. જેમાં ગુજરાતના ૨૦૯ પ્રતિભાશાળી રમતવીરો ભાગ લઇ રહ્યા છે. જેમાં ૧૦૦ ભાઇઓ અને ૧૦૯ બહેનોનો સમાવેશ થાય છે. ખેલાડીઓની સાથે કોચીઝ, ફીઝીયોથેરાપિસ્ટ અને મેનેજર પણ આ ઇવેન્ટસમાં જોડાયા છે.

આ ગેમ્સમાં આર્ચરી, એથ્લેટીક્સ, બેડમિન્ટન, બાસ્કેટબોલ, બોક્સીંગ, જીમ્નાસ્ટીક્સ, જુડો, ખો-ખો, શૂટિંગ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, ટેનીસ, વોલીબોલ અને કુસ્તી એમ કુલ ૧૪ રમતોમાં ગુજરાતીઓ પોતાનું કૌવત બતાવશે. આ ખેલાડીઓ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્યનું નામ રોશન કરે તે હેતુથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રિ-નેશનલ કોચીંગ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, તેમ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ટેક હોમ રેશનનો વડોદરા જિલ્લામાં પ્રારંભ

મહિલા અને બાળકોને પોષણયુક્ત આહાર વિતરણ તંદુરસ્ત ગુજરાતની નેમ



વડોદરા : સહી પોષણ દેશ રોશન-પોષણ અભિયાન અંતર્ગત રાજય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ટેક હોમ રેશન-બાલશક્તિ માતૃશક્તિ અને પૂર્ણાશક્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ટેક હોમ રેશન અંતર્ગત રાજયના બાળકો, ધાત્રી-સગર્ભા તેમજ કિશોરીઓને પોષણયુક્ત આહાર મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે નવ સૂક્ષ્મ પોષકતત્વોસભર રેશન આપવામાં આવે છે. માનવ શરીરના યોગ્ય વિકાસ, વૃદ્ધિ તેમજ સંચાલન માટે આવશ્યક એવા પોષક આહાર મેળવીને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરવાની રાજય સરકારની નેમ છે.

ટેક હોમ રેશન અંતર્ગત ૬ માસથી ૩ વર્ષની વય ધરાવતા બાળકો, અતિ ઓછું વજન ધરાવતા હોય તથા ૩-૬ વર્ષના બાળકો, ધાત્રી, કિશોરી અને સગર્ભાઓને આવરી લેવામાં આવે છે.

બાલશક્તિ માતૃશક્તિ-પૂર્ણશક્તિમાં ઘંઉ, ચણાનો લોટ, સોયાબીન, ખાંડ, તેલ સહિતની પોષક સામગ્રી આપી બાળકને માટે શક્તિ તેમજ બુદ્ધિવર્ધક આહાર આપવામાં આવે છે.

ટેક હોમ રેશનમાં ફેબ્રુઆરી-૨૦૧૮થી રાજયના રાજકોટ, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર અને અરવલ્લી જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે રાજયના વડોદરા, દાહોદ, ભરૂચ, સુરત, તાપી, નર્મદા અને નવસારી જિલ્લામાં જાન્યુઆરી માસથી ટેક હોમ રેશનનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

ટેક હોમ રેશન-અન્ન વિતરણ દિન નિમિત્તે આંગણવાડી કેન્દ્રો પર દર માસના ચોથા મંગળવારે પોષક આહાર અને સત્વ મીઠાનું વિતરણ કરવામાં આવશે.

રાજય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો-યોજનાઓ અમલી કરીને મહિલાઓ તથા બાળકોના આહારમાં સ્વાસ્થ્યવર્ધક પરિણામો ઉમેરવામાં આવી રહ્યા છે. ટેક હોમ રેશન કુપોષણને નાથવામાં ઉપયોગી નીવડશે, 'સહી પોષણ દેશ રોશન' સૂત્રને ચરિતાર્થ કરવા સહકાર સાથે જાગૃત્ત જરૂરી છે.

'નો યોર ઇન્ડીયા' કાર્યક્રમ અન્વયે ૯ દેશોના ૪૦ યુવા-યુવતિઓ ગુજરાતના પ્રવાસે

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ Know Your India કાર્યક્રમ તહેત ભારત-ગુજરાત ભ્રમણ માટે આવેલા ૯ દેશોના ૪૦ જેટલા યુવાઓને ''કનેકટ ટુ ઇન્ડીયા''નું પ્રેરક આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિવિધતામાં એકતાની સાંસ્કૃતિક ધરોહર અને ધાર્મિક વૈજ્ઞાનિક પરંપરાના સમન્વયથી ભારતે જ્ઞાનની આ સદીમાં યુવા વર્કફોર્સ અને વર્લ્ડ માર્કેટમાં મોટું યોગદાન આપ્યું છે તેની વ્યાપકતાનો લાભ આ વર્લ્ડ યુથ લે તે સમયોચિત છે.

મુખ્યમંત્રીની મુલાકાતે આવેલા આ ૯ દેશોના ૪૦ યુવાઓ ભારત સરકારના વિદેશ મંત્રાલયની 'નો યોર ઇન્ડીયા' યોજના અન્વયે ગુજરાતના ૧૦ દિવસીય પ્રવાસે આવેલા છે.

વિજયભાઇ રૂપાણીએ આ યુવાશકિત સાથે રસપ્રદ સંવાદ મુખ્યમંત્રી નિવાસસ્થાને કર્યો હતો.

તેમણે કહ્યું કે, યુવાનો હવે હરેક ક્ષેત્રે નેતૃત્વ ક્ષમતાથી આગળ આવી રહ્યા છે અને પોતાના જ્ઞાન કૌશલ્યથી પ્રભાવ ઊભો કરી રહ્યા છે ત્યારે ભારત જેવા



ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે રસપ્રદ સંવાદ સાધ્યો

વિશાળ જનસંખ્યા ધરાવતા વિકસીત રાષ્ટ્ર માટે પણ આ યુથ પાવર પોતીકાપણું દર્શાવી વિકાસને વધુ ઉન્નત બનાવવા યોગદાન આપે.

મુખ્યમંત્રીશ્રીએ આ યુવાનોને પ્રેરણા આપતાં જણાવ્યું કે, વિશ્વના નાના રાષ્ટ્રોમાં વિકાસ ઝડપી થાય છે કેમ કે તેમણે બહુધા સમસ્યાઓ હોતી નથી પરંતુ ભારત જેવા મોટા રાષ્ટ્રે સમસ્યાઓ બાવજૂદ પણ વિકાસની ઊડાન ભરી છે તે આ યુવાનોએ તેમની મુલાકાતમાં અનુભવ્યું જ હશે.

વિજયભાઇ રૂપાણીએ આ કાર્યક્રમને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના વિચારોથી પ્રેરિત મહત્વપૂર્ણ કાર્યક્રમ ગણાવતાં કહ્યું કે, ભવિષ્યની તાકાત સમાન ભારત દેશની ધરોહર, સંસ્કૃતિ, માનવતાના પાઠ બધું જ વિશ્વ સમુદાય સમક્ષ ઊજાગર કરવા આ યુવાશકિત પોતાના દેશમાં વસતા ભારતીય મૂળના લોકો સમક્ષ પ્રસ્તુત કરવાના સંવાહક બને તે આપણો ધ્યેય છે.

